# SHUBH ENTERPRISE

B/h Fortune Serenity, Fortune Fifty feet road, Near Nand Niketan Highrise, Ghanteshwar, RAJKOT-360006.

---

પ્રતિશ્રી,

ચેરમેન સાહેબશ્રી,

ગુજરેરા, ગાંધીનગર.

વિષય :– ફાયનાન્સીયલ સ્ટેમેન્ટ અંગે

સાહેબશ્રી,

અમો "આર.બી. એલીમેન્ટસ" પ્રોજેકટના પ્રમોટર મે. શુભ એન્ટરપ્રાઇઝના નામથી ચાલતી ભાગીદારી પેઢીના વહીવટકર્તા ભાગીદાર છીએ. અમોને આપ સાહેબની કચેરીએથી અમારા સદર પ્રોજેકટના રજીસ્ટ્રેશન અર્થે તારીખ ૦૨/૦૭/૨૦૨૧ ના રોજ ઈ–મેઈલ મારફત પુર્તતા કરવા જણાવેલ છે. જે અંગે અમો નીચે સહી કરનારની માનસાથ રજુઆત નીચે મુજબ છે.

અમો પ્રમોટર મે. શુભ એન્ટરપ્રાઇઝના નામથી ભાગીદારી પેઢીની શરૂઆત તારીખ ૧૫/૦૧/૨૦૨૦ ના રોજથી થયેલ છે. અમોએ તારીખ ૨૧/૦૧/૨૦૨૦ ના રોજ નોંધાવેલ ભાગીદારી દસ્તાવેજમાં શરતચુકથી ભાગીદારી પેઢી શરૂઆત કરવાની તારીખ ૧૫/૦૧/૨૦૧૯ દર્શાવેલ છે. જેથી અમોએ ભાગીદારી પેઢીના સુધારા અંગેના દસ્તાવેજ તારીખ ૧૬/૧૦/૨૦૨૦ ના રોજથી નોંધાવેલ છે. જે હકિકતે સદર ભાગીદારી પેઢી તારીખ ૧૫/૦૧/૨૦૨૦ ના રોજથી શરૂ થયેલ હોય, અમોને નાણાકી વર્ષ ૨૦૧૮–૧૯ ના ફાયનાન્સીયલ સ્ટેટમેન્ટ રજુ કરવાના રહેતા નથી.

અમોએ નાણાકીય વર્ષ ૨૦૧૯–૨૦ દરમ્યાન કોઈ વેપાર–ધંધો કરેલ ન હોય, અમારી પેઢી ફન્કશનલ ન હોય, અમોએ ઈન્કમ ટેક્ષ અધિનિયમની કલમ ૧૩૯(૧)ની જોગવાઈ મુજબ ઈન્કમ ટેક્ષ રીટર્ન ભરપાઈ કરેલ નથી. જે હકિકત અમો આ રજુઆતથી જાહેર કરીએ છીએ. જે ધ્યાને લઈ યોગ્ય થવા નમ્ર અરજ છે.

રાજકોટ

તારીખ ૦૨/૦૭/૨૦૨૧

ધર્મેશભાઈ જીવાણી

સાગરભાઈ પટેલ

તે મે. શુભ એન્ટરપ્રાઈઝના વહીવટકર્તા

ભાગીદાર દરજ્જે